# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૫૫, એપ્રિલ-મે ૨૦૨૦



# હિંમતનગર ખાતે નવીન સ્ટાફ ક્વાર્ટર્સનું લોકાર્પણ






મહિલા કોલેજ, ઊંઝા ખાતે ઊર્જા સંરક્ષણ વિષય ઉપર પરિસંવાદ

## આ અંકમાં


અંક–૫૫
એપ્રિલ–મે ૨૦૨૦
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી મહેશ સિંઘ, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પીઆર)

**તંત્રી મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, ઇન્ચાર્જ મુખ્ય ઇજનેર (પી)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ) એન્ડ સી.એફ.ઓ.
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી આર. ડી. ઝાલા, અધિક્ષક ઇજનેર, સાબરમતી
શ્રી જી. ડી. પટેલ, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડીંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


### આ અંક આપને કેવો લાગ્યો?

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com

## આ અંકમાં


પરિસંવાદ



» હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ગામોના સરપંચો સાથે સંવાદ કાર્યક્રમ.................. ૦૪

સંક્ષિપ્ત સમાચાર

» યુજીવીસીએલ પરિવારનું ગૌરવ.......................... ૦૫

» સખાવત - અરવલ્લી જિલ્લો.......................... ૦૫

» સખાવત - સાબરકાંઠા જિલ્લો.......................... ૦૫

પરિસંવાદ

» મહિલા કોલેજ, ઊંઝા ખાતે ઊર્જા સંરક્ષણ વિષય ઉપર પરિસંવાદ યોજાયો.............................. ૦૬

લોકાર્પણ

» હિંમતનગર ખાતે સ્ટાફ નવીન ક્વાર્ટર્સનું લોકાર્પણ...... ૦૮

» કોરોનાના કહેર વચ્ચે બનાસકાંઠામાં આવેલ વાવાઝોડામાં ખોરવાયેલ વીજ પુરવઠો પુનઃ સ્થાપિત...... ૦૮

હિસાબ

» હિસાબી વિભાગની હિસાબી કામગીરીનો હિસાબ........ ૦૯

પ્રેરણા

» પડકારોમાં પ્રોત્સાહક પ્રેરણાના પ્રણેતાઓ............... ૧૦


કિટ વિતરણ

» CSR હેઠળ ફૂડ કિટનું યુજીવીસીએલ દ્વારા વિતરણ...... ૧૨

કાવ્યધારા ૧૨

» ૯મી ઇન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન.......... ૧૪

પ્રતિભાવ ૧૫



અત્યાર સુધીમાં આપણે ખૂબ જ સાવચેતી રાખીને સલામતીપૂર્વક વીજ વિતરણ કામગીરી પૂરી નિષ્ઠાથી નિભાવી છે, તે માટે આપ સર્વેને હૃદયપૂર્વક ધન્યવાદ આપું છું અને પરમ કૃપાળુ પરમાત્મા આપ સર્વેનું સ્વાસ્થ્ય જાળવી રાખે તે માટે પ્રાર્થના કરું છું.

*"મારી જીભ, મારું મન તથા અંતઃકરણ પવિત્ર છે તે માટે જ પ્રાર્થના કરું છું, બાકી તને તો બધી ખબર જ છે અને મારા માટે શ્રેય હોય તે તું મોકલવાનો જ છું."*

**– સુભાષિત**

**પ્રિય કર્મચારી મિત્રો,**

હાલના મુશ્કેલ સમયમાં, આપ અને આપના પરિવારના ક્ષેમકુશળની પ્રાર્થના!

હજી ગયા અંકમાં આ પાને, ચીનમાંથી વિશ્વભરમાં 'કોરોના' વાયરસના પ્રસાર અંગે ભીતિ વ્યક્ત કરવામાં આવેલ અને તેને ધ્યાનમાં લઈને સરકારશ્રીની સૂચનાઓનો અમલ કરીને સાવચેતી રાખવા અનુરોધ કરેલ. એ પછી અત્યાર સુધીમાં 'કોરોના' વાયરસ હવે મહામારીનું સ્વરૂપ ધારણ કરી ચુક્યો છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની જાહેરાત બાદ ૨૩મી માર્ચથી સમગ્ર દેશમાં 'લોકડાઉન'નો અમલ થઈ રહ્યો છે. જેમાં નાગરિકોને ઘરમાં જ રહીને સુરક્ષિત રહેવા આહ્‌વાન કરેલ છે.

પરંતુ આપ સર્વે જાણો છો તેમ આપણે સૌ અતિ આવશ્યક એવી 'વીજ વિતરણ' વ્યવસ્થા સાથે સંકળાયેલ કર્મઠ કર્મચારીઓ છીએ. અત્યાર સુધીમાં આપણે ખૂબ જ સાવચેતી રાખીને સલામતીપૂર્વક વીજ વિતરણ કામગીરી પૂરી નિષ્ઠાથી નિભાવી છે, તે માટે આપ સર્વેને હૃદયપૂર્વક ધન્યવાદ આપું છું અને પરમ કૃપાળુ પરમાત્મા આપ સર્વેનું સ્વાસ્થ્ય જાળવી રાખે તે માટે પ્રાર્થના કરું છું.

સમાજના વિવિધ વર્ગોમાંથી આપણા દ્વારા કરવામાં આવી રહેલ વીજ વિતરણની કામગીરી માટે પ્રેરણાદાયી પ્રોત્સાહન મળી રહ્યું છે. એ સૌનો હું ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ તરફથી હૃદયપૂર્વક આભાર માનું છું અને ઉત્તર ગુજરાતના નાગરિકોને વધુ સારી વીજ સેવાઓ સતત, વિના વિક્ષેપે મળતી રહેશે તેની આપ સૌ વતી ખાત્રી આપું છું.

મિત્રો, અગાઉ અતિ વરસાદ, વાવાઝોડું, પૂર હોનારત, ભૂકંપ વખતે આપણે પડકારજનક કામગીરી સફળ રીતે કરી ચુક્યા છીએ, આ વખતનો પડકાર લોકોના આરોગ્ય સાથે સંલગ્ન છે, જે આપણે આપણા આરોગ્યને જાળવીને પૂરો કરવાનો છે. આપણે આ પડકારને પણ ઝીલીને સફળતાપૂર્વક પાર પાડવાનો દ્રઢ નિર્ધાર કરેલ છે.

આ પડકારની સફળતા આપણા જીવનમાં સુવર્ણ અક્ષરે લેખાય તે માટે આપ સર્વેને પરમ કૃપાળુ પરમાત્મા ખૂબ જ શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરું છું.

'કોર્પોરેટ સોશ્યલ રીસ્પોન્સિબિલિટી'ના ભાગરૂપે આપણી કામગીરી ઉપરાંત સમાજના આર્થિક રીતે નબળા નાગરિકોને આપણે અનાજની કિટનું વિતરણ કરીને યોગદાન આપવાનો પ્રયાસ કરેલ છે.

અંતમાં ફરી વાર સુરક્ષિત રહીને કંપની દ્વારા વખતોવખત આપવામાં આવેલ સાવચેતીનાં પગલાંની સૂચનાનો અમલ કરી સફળ કામગીરી માટે અનુરોધ કરું છું.

**મહેશ સિંઘ,** આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# હિંમતનગર ખાતે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના ગામોના સરપંચો સાથે સંવાદ કાર્યક્રમ


સન્માન


રાષ્ટ્રધ્વજની પ્રતિકૃતિઅર્પણ


સંવાદ

'સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ' આપવાના કંપનીના ધ્યેયને ચરિતાર્થ કરવા માટે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વખતો વખત સંવાદ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

તા. ૧૭-૩-૨૦૨૦ના રોજ આ પ્રકારના સંવાદ કાર્યક્રમનું આયોજન હિંમતનગર સરકિટ હાઉસ ખાતે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘની અધ્યક્ષતામાં તેમજ કંપનીના મુખ્ય ઇજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, જનરલ મેનેજર (ફાઈનાન્સ), શ્રી આર.બી. કોઠારી, વિશેષ મુખ્ય ઇજનેર (ટેક.), શ્રી જે.કે. દરજી, અધિક્ષક ઇજનેર, હિંમતનગર, શ્રી પી.સી. શાહ તથા હિંમતનગર વર્તુળ કચેરીના ઇડર, ભિલોડા, મોડાસા, હિંમતનગર, તલોદ વિભાગીય કચેરીના કાર્યપાલક ઇજનેરશ્રીઓ તેમજ જેમની સાથે સંવાદનો સેતુ રચવાનો હતો તેવા સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના પ્રગતિશીલ ગામોના ૨૧ (એકવીસ) જેટલા આમંત્રિત સરપંચશ્રીઓની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ, જેમનું પ્રતિનિધિત્વ ભારતનું સૌપ્રથમ 'સ્માર્ટ વિલેજ' બનાવવાનો યશ ધરાવનાર તેમજ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા પુંશરી ગામના સરપંચ શ્રી હિમાંશુભાઈ પટેલ દ્વારા કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં તલોદ તાલુકાના અણિયોડ, નાના ચેખલા, હિંમતનગર તાલુકાના આકોદરા, કાંકરોલ, ઇડર તાલુકાના સુરપુર, બ્રહ્મપુરી, જેડીપુરા, ગોધમજી, નેત્રામલી, ભદ્રેસર, ખેડબ્રહ્મા તાલુકાના, ગઢડા, શામળાજી, વિજયનગર તાલુકાના રાજપુર, બાયડ તાલુકાના હઠીપુરા, સરસોલી, ડેમાઈ, મોડાસા તાલુકાના, કોલીખડ, લીંભોઈ, ધનસુરા તાલુકાના, વડગામ, રમોસ, કોલાવાડા, માલપુર તાલુકાના, દોડીયા ગામના સરપંચશ્રીઓ ઉપસ્થિત રહેલ.

સદર કાર્યક્રમની શરૂઆતમાં અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ દ્વારા ઉપસ્થિત મહાનુભાવોનું શબ્દોથી સ્વાગત કરવામાં આવેલ. સરપંચશ્રીઓનો પરિચય મેળવ્યા બાદ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘનું તથા ઉચ્ચ અધિકારીશ્રીઓનું રાષ્ટ્રધ્વજની પ્રતિકૃતિ તથા બૂકે દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

સ્વાગત પ્રવચનમાં શ્રી પી.સી. શાહે સરકારશ્રીના વીજ ગ્રાહકો માટેની વિવિધ યોજનાઓ જેવી કે, બિન આદિજાતિ, આદિજાતિ, ડાર્કઝોન, અનુસૂચિત જનજાતિ, ઝૂંપડપટ્ટી, કુટિર જ્યોત, અનુસૂચિત જાતિ, પેટાવિભાગીય, હળવા દબાણની લાઈન ઘટાડી નવીન ભારે દબાણની લાઈન નાખી અલગ અલગ ટ્રાન્સફોર્મર દ્વારા લાભ આપવાની, સરદાર કૃષિ ગ્રામ જ્યોર્તિ યોજના, જાહેર રસ્તાને નડતરરૂપ વીજ પોલ અને વીજ લાઈન ખસેડવાની યોજના, રહેણાંક શ્રેણીના વીજ ગ્રાહકોને સૌર ઊર્જા દ્વારા વીજ ઉત્પાદન કરી અને વીજ બચત કરી લાભ આપવાની યોજનાઓની માહિતી તેમજ હાલની કક્ષાએ થઈ રહેલ કામગીરી અંગેની માહિતી આપેલ ઉપરાંત પરિસંવાદના ઉદ્દેશનો ઉલ્લેખ કરતા જણાવવામાં આવેલ કે વીજ વિતરણ ક્ષેત્રના પ્રશ્નો જણાવતા ઉત્કૃષ્ટ વીજ વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ થાય તે માટેની અપેક્ષાઓ જાણવા, અકસ્માત નિવારણ માટે હયાત વીજ વિતરણ વ્યવસ્થાને અદ્યત્તન અને અસરકારક બનાવવાનું આયોજન કરવું તેમજ ગ્રામ્ય કક્ષાએ વીજ વિતરણ વ્યવસ્થા અંગેની સમસ્યાઓ જાણી તેના નિરાકરણ અંગેનો હતો.

વીજ વિતરણની વ્યવસ્થા વધુ સુદ્રઢ થાય તે માટે ગામમાં જાહેર રસ્તાને નડતરરૂપ થાંભલા તથા વીજ લાઈન ખસેડવા, જુના જર્જરિત થયેલ વીજ વાયરો બદલવા, વીજ સલામતીના ભાગરૂપે રહેણાંક વિસ્તારમાં આવેલ ટ્રાન્સફોર્મરની ફરતે ફેન્સીંગ કરવી, વીજ રેષાઓનું સમારકામ કરી સ્પેસર લગાડવા, થાંભલે લાગેલ હયાત સર્વિસ વાયરોને નવીન રાઉન્ડ કલેમ્પ તથા બસબાર બોક્ષ લગાવી સૂવ્યવસ્થિત કરવા, વીજ પ્રવાહની જરૂરિયાત મુજબ નવીન ટ્રાન્સફોર્મર કરવા તેમજ હયાત વીજ માળખાને અનુલક્ષી ટ્રાન્સફોર્મરનું સ્થળાંતર કરવું, હયાત વીજ માળખાને અદ્યતન કરવાના ભાગરૂપે જુની લોખંડની પેટીઓ બદલવી, થાંભલાને કલર કરવો તથા થાંભલામાં રાઉન્ડ કલેમ્પ લગાવવા તેમજ વીજ ગ્રાહકો તેમજ વીજ ઉપકરણોની સલામતી માટે તમામ વીજ

પ્રસ્થાપિત અર્થ ટર્મિનલ પૂરાં પાડવા અંગેના સંકલ્પો રજૂ કરવામાં આવેલ.

વધુ અદ્યતન વીજ વિતરણ વ્યવસ્થા માટે તમામ સરપંચશ્રીઓને વીજ ગ્રાહકો તેમજ વીજ ઉપકરણોની સલામતી માટે ELCB/ RCCB લગાડવા તેમજ અર્થ ટર્મિનલનું સુયોગ્ય જોડાણ કરવા બાબતે ગ્રામજનોને જાગૃત કરવા, વીજ લાઈનોથી સલામત અંતરે રાખીને બાંધકામ કરવા, વાસ્તવિક વપરાશ મુજબ વીજ ભારમાં વધારો કરવા, ખેતરમાં ફેન્સિંગ ઉપર વીજ પ્રવાહ ન મુકવા, વીજ લાઈન નીચે તેમજ વીજ થાંભલાઓ સાથે કપડા સુકવવાના તાર કે પ્રાણીઓ ન બાંધવા તેમજ ઢોરવાડા ન બનાવવા, પર્યાવરણની જાળવણી માટે સરકારશ્રીની પ્રવર્તમાન 'સૂર્ય ગુજરાત' યોજના અંતર્ગત 'સોલાર રૂફ ટોપ' સિસ્ટમ લગાડવા, સમય મર્યાદામાં વીજ બીલની ચુકવણી બાબતે તેમજ ગ્રામજનો વીજ ગેરરીતિ ન કરે તે માટે જાગૃત કરવાની કામગીરીમાં સહયોગ આપવા માટે અપીલ કરવામાં આવેલ.


પરિસંવાદમાં ઉપસ્થિત સરપંચશ્રીઓને વીજ વિતરણની કામગીરીને લગતા પ્રશ્નોની રજૂઆત કરવાનું જણાવવામાં આવેલ, સ્ટ્રીટલાઈટ, ઝુંપડપટ્ટી યોજનામાં તાલુકા પંચાયતના ભલામણ પત્રનો આગ્રહ ન રાખતા ગ્રામ પંચાયતના ભલામણ પત્રથી નવીન વીજ જોડાણ આપવાનું નક્કી કરવામાં આવેલ. મોબાઈલ કંપની દ્વારા ઊભા કરવામાં આવેલ ટાવર માટે ગ્રામ પંચાયતની એનઓસી વગર ન આપવાની સૂચના ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ ગલ્લા કે કેબિન ધારકોને પંચાયત દ્વારા એનઓસી તથા અધિકૃત આકારણીનો દસ્તાવેજ આપવામાં આવે તો નવીન વીજ જોડાણ આપવું, નવીન સ્ટ્રીટ લાઈટ માટેની તાંત્રિક મંજુરી આપવાની ભલામણ અંગે મહત્ત્વના નિર્ણયો આપવામાં આવેલ. સરપંચશ્રીઓ દ્વારા પુછવામાં આવેલ પ્રશ્નોના કંપની દ્વારા હકારાત્મક પ્રતિસાદ આપતા કંપની પરત્વેનો સંવાદ વધુ મજબુત થયો હોવાની લાગણી વ્યક્ત કરવામાં આવેલ. ■

## યુજીવીસીએલ પરિવારનું ગૌરવ






સાબરકાંઠા પોલીસ દ્વારા ૨૧ દિવસના લોકડાઉન દરમિયાન લોકો મનોરંજન સાથે પોતાનો સમય ઘરમાં જ પસાર કરે તેમના કૌશલ્યની અભિવ્યક્તિ કરી શકે તે હેતુસર વિવિધ કેટેગરી માટે ડાન્સિંગ, પેન્ટિંગ, કુકિંગ સહિતની પ્રતિયોગિતા શરૂ કરેલ. જીહાન બારોટ કે જે શ્રી બિજુભાઈ બારોટ, જુનિયર ઈજનેર હિંમતનગર, ગ્રામ્ય પેટાવિભાગીય કચેરીમાં ફરજ બજાવે છે તેમના સુપુત્ર દ્વારા પેઈન્ટિંગ બનાવી મોકલી આપતા દૈનિક પ્રતિયોગીતામાં **'હું છું કોરોના કિલર'** તરીકે પસંદગી થતાં પોલીસખાતા દ્વારા ઘેરબેઠાં પારિતોષિક આપી સન્માનિત કરવામાં આવીને ઉત્સાહ વધારવામાં આવેલ. યુજીવીસીએલ પરિવાર આ પ્રસંગે ચિ. જીહાન બારોટને ખૂબ ખૂબ અભિનંદન પાઠવી ભવિષ્યની ઉજ્જવળ કારકિર્દી માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■




તા. ૨૨ માર્ચ ૨૦૨૦ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા ભારતના વડાપ્રધાન માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલ આહ્વાનના સમર્થનમાં 'જનતા કરફ્યુ'ના અમલ માટે પોતાના કાર્ય વિસ્તારમાં રિક્ષા દ્વારા સંદેશો લોકો સુધી પહોંચાડવામાં આવેલ. ■

## સખાવત - અરવલ્લી જિલ્લો



આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ સાથે વીજ વિતરણ સંલગ્ન કામગીરી કરતા કોન્ટ્રાક્ટર મિત્રો જે આપણા પરિવારની જેમ કામગીરી કરી રહ્યા છે. તા. ૨૮-૪-૨૦૨૦ના રોજ કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા રૂ. ૩,૨૫,૦૦૦/-નો ચેક મુખ્યમંત્રીશ્રી રાહત ફંડમાં કંપનીના હિંમતનગર ખાતેના અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહની ઉપસ્થિતિમાં અરવલ્લી, કલેક્ટર, શ્રી અમૃતેશ ઔરંગાબાદકરને અર્પણ કરવામાં આવેલ. ■

## સખાવત - સાબરકાંઠા જિલ્લો



તા. ૨૮-૪-૨૦૨૦ના રોજ કોન્ટ્રાક્ટર એસોસિએશન દ્વારા રૂ. ૩,૧૧,૦૦૦/- અંકે રૂપિયા ત્રણ લાખ અગિયાર હજાર રૂપિયાનો ચેક અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહની ઉપસ્થિતિમાં સાબરકાંઠાના કલેક્ટર, શ્રી સી.જે. પટેલને કોન્ટ્રાક્ટર એસોસિએશન હિંમતનગર દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડમાં આપવામાં આવેલ તેમજ અક્ષર રીપેર એજન્સી દ્વારા રૂ. ૧,૧૫,૦૦૦/- અંકે રૂપિયા એક લાખ પંદર હજાર પૂરાં અર્પણ કરવામાં આવેલ. ■

# મહિલા કોલેજ, ઊંઝા ખાતે ઊર્જા સંરક્ષણ વિષય ઉપર પરિસંવાદ યોજાયો

**ફેકલ્ટી ઓફ શ્રી જે.એમ. પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ, ઊંઝા, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા અને જાગ્રુત ગ્રાહકમંડળ, પાટણના સંયુકત ઉપક્રમે યોજાયેલ**













તા. ૦૬/૦૩/૨૦૨૦ના રોજ ઊંઝા ખાતે આવેલ શ્રી જે.એમ. પટેલ આર્ટસ & શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ ઊંઝા ખાતે ઊર્જા સંરક્ષણ વિષય પર પરિસંવાદ યોજાયેલ.

ઉપરોક્ત પરિસંવાદ ફેકલ્ટી ઓફ શ્રી જે.એમ. પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ ઊંઝા, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા અને જાગ્રુત ગ્રાહકમંડળ, પાટણના સંયુકત ઉપક્રમે કરવામાં આવેલ. ઉપરોક્ત પરિસંવાદમાં મુખ્ય અતિથિ તરીકે યુજીવીસીએલના અધિક્ષક ઇજનેર, શ્રી આર.સી. દેસાઈ, શ્રી બી.એસ. પટેલ, નાયબ ઇજનેર, ઊંઝા રૂરલ સબડિવિઝન, શ્રી વાસુભાઈ પટેલ, ટ્રસ્ટી મહિલા કોલેજ ઊંઝા, ડૉ. લીલાબેન સ્વામી, પ્રિન્સીપાલ ઓફ મહિલા કોલેજ ઊંઝા, મુખ્ય વક્તા તરીકે ડૉ. અશ્વિન મોદી, કો-ઓર્ડિનેટર, એમ.કોમ. પ્રોગ્રામ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ તથા ઉત્તર ગુજરાત વીજ કંપનીના કોર્પોરેટ કમ્યુનિકેશન વિભાગમાંથી શ્રી શૈલેશભાઈ નાયક, શ્રી વી.જી. પટેલ, નાયબ ઇજનેર અને યુજીવીસીએલ ઊંઝા રૂરલ સબડિવિઝનના અન્ય સ્ટાફ સભ્યો તેમજ અન્ય મહાનુભાવોએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને ઊર્જા સંરક્ષણ અંગેની રસપ્રદ માહિતી અને પ્રોત્સાહન પૂરું પાડેલ.

ઉપરોક્ત સેમિનારમાં ઊંઝાની ૧૬ પ્રાથમિક શાળા, ૦૬ માધ્યમિકશાળા તથા ૦૬ કોલેજના કુલ ૧૪૮ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમની વચ્ચે ચિત્ર, ડ્રામા અને વક્તૃત્વસ્પર્ધા યોજાઈ હતી. જેમાં ચિત્રસ્પર્ધામાં પ્રાથમિક શાળાના ૨૪ વિદ્યાર્થીઓ, માધ્યમિક શાળાના ૨૩ વિદ્યાર્થીઓ, કોલેજના ૨૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ડ્રામામાં કોલેજના ૧૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો, વક્તૃત્વ સ્પર્ધામાં પ્રાથમિક શાળાના ૦૩ વિદ્યાર્થીઓ, માધ્યમિક શાળાના ૦૧ વિદ્યાર્થી, કોલેજના ૦૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કાર્યક્રમના અંતે વિજેતાઓને ઇનામ અને પ્રમાણપત્રો અને તમામ ભાગ લેનાર સ્પર્ધકોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવેલ.

મુખ્ય મહેમાન શ્રી આર.સી. દેસાઈ દ્વારા વીજળીનો કરકસરયુક્ત ઉપયોગ કરવા અપીલ કરાઈ હતી. કુદરતી સંશાધનો વીજળીના ઉત્પાદનમાં વપરાય છે તેનો ત્યારે જ બચાવ થશે કે જ્યારે આપણે વીજળીની બચત કરીશું. વીજળીના બિનપરંપરાગત સ્રોત જેવા કે સોલર એનર્જી, વિન્ડ એનર્જી દ્વારા વીજળીનું મહત્તમ ઉત્પાદન થાય તેના પર ભાર મુકવામાં આવેલ.

| ચિત્રસ્પર્ધા : પ્રાથમિક શાળાના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | પટેલ વિશ્વા જીતેન્દ્ર કુમાર (જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |
| દ્વિતીય વિજેતા | પટેલ રિયા સુહાસભાઈ (જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |
| તૃતીય વિજેતા | પટેલ વિશ્વા મહેશકુમાર (જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |

| ચિત્રસ્પર્ધા : માધ્યમિક શાળાના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | વાઘેલા સની રાજુભાઈ (જી.એલ. પટેલ હાઈસ્કૂલ, ઊંઝા) |
| દ્વિતીય વિજેતા | પટેલ હિતેશ્વરી નરેશભાઈ (જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |
| તૃતીય વિજેતા | વાઘેલા ઉપાસના સુલતાનભાઈ (જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |

| ચિત્રસ્પર્ધા : કોલેજના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | પટેલ કેશવી શાંતીકુમાર (બી.પી. બ્રહ્મભટ્ટ કોલેજ, ઊંઝા) |
| દ્વિતીય વિજેતા | નાયી જીજ્ઞા રાજેન્દ્રકુમાર (બી.પી. બ્રહ્મભટ્ટ કોલેજ, ઊંઝા) |
| તૃતીય વિજેતા | પટેલ રોશની રમેશભાઈ (મહિલા બી, એડ. કોલેજ, ઊંઝા) |

| વક્તૃત્વસ્પર્ધા : પ્રાથમિક શાળાના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | પટેલ દેવન કેતનકુમાર (નવજીવન ગુજરાતી મીડિયમ, ઊંઝા) |
| દ્વિતીય વિજેતા | પટેલ આર્ય રાકેશભાઈ (નવજીવન ગુજરાતી મીડિયમ, ઊંઝા) |

| વક્તૃત્વસ્પર્ધા : માધ્યમિક શાળાના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | મોદી જાનકી શૈલેષકુમાર(જી.મ. કન્યા વિદ્યાલય, ઊંઝા) |

| વક્તૃત્વસ્પર્ધા : કોલેજના વિજેતા વિદ્યાર્થીઓની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | ઠક્કર નેહા અશ્વિનભાઈ (મહિલા બી,એડ. કોલેજ, ઊંઝા) |
| દ્વિતીય વિજેતા | પટેલ આશા નવિનચંદ્ર (મહિલા કોલેજ, ઊંઝા) |
| તૃતીય વિજેતા | સોની કૃતિકા ઈન્દ્રકુમાર (બી.બી.એ. કોલેજ, ઊંઝા) |

| ડ્રામા : વિજેતા કોલેજની યાદી | |
|---|---|
| પ્રથમ વિજેતા | મહિલા આર્ટ્સ કોલેજ, ઊંઝા |
| દ્વિતીય વિજેતા | મહિલા બી,એડ. કોલેજ, ઊંઝા |
| તૃતીય વિજેતા | બી.પી. બ્રહ્મભટ્ટ કોલેજ, ઊંઝા |














ફેકલ્ટી ઓફ શ્રી જે.એમ.પટેલ આર્ટસ એન્ડ શ્રીમતી એમ.એન. પટેલ કોમર્સ મહિલા કોલેજ ઊંઝા તેમજ જાગૃત ગ્રાહકમંડળ, પાટણ દ્વારા સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવેલ.

આ કાર્યક્રમના આયોજન અને સંચાલનમાંજાગૃત ગ્રાહક મંડળ, પાટણ સંસ્થાના સભ્ય શ્રી રોનકભાઈ મણીયાર અને શ્રી મોહમ્મદ અલી તથા મહિલા કોલેજ ઊંઝાના સ્ટાફ સભ્યો તેમજ યુજીવીસીએલ ઊંઝા રૂરલ સબડિવિઝનના અન્ય સ્ટાફ સભ્યોએ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો.

ઉપરોક્ત સેમિનારના સફળતાપૂર્વક આયોજન બદલ જાગૃત ગ્રાહકમંડળ, પાટણ અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણાની સંસ્થાને શુભેચ્છાઓ પાઠવેલ. ■

# હિંમતનગર ખાતે નવીન સ્ટાફ ક્વાર્ટર્સનું લોકાર્પણ





ઉદ્ઘાટન



ક્વાર્ટર્સની ફાળવણી




તક્તિનું અનાવરણ



દિપપ્રાગટ્ય

ઉત્તર ગુજરાત વીજ કંપની કર્મચારીઓની સગવડો માટે સતત ચિંતન કરતી આવી છે. જેના ભાગરૂપે કાર્યક્ષેત્રના વિસ્તારમાં કર્મચારીઓ ત્વરિત વીજ વિક્ષેપની કામગીરી સરળતાથી કરી શકે તે માટે ઓફિસની નજીક સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવામાં આવેલ છે. જેથી અડધી રાતે પણ વીજ વિક્ષેપની ફરિયાદ હોય તો ત્વરિત નિકાલ થાય તે માટે કર્મચારી હંમેશા કટિબદ્ધ રહે.

તા. ૧૭ માર્ચ, ૨૦૨૦ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ દ્વારા સાબરકાંઠાના કલેક્ટર, શ્રી સી.જે. પટેલ અને અધિક્ષક ઇજનેર, શ્રી પી.સી. શાહ અને અન્ય કર્મચારીઓ તથા કર્મચારીઓની ઉપસ્થિતિમાં નવીન સ્ટાફ ક્વાર્ટર્સનું લોકાર્પણ કરવામાં આવેલ.

શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પુષ્પ અર્ચના કર્યા બાદ ગણેશ પૂજન કરીને દીપ પ્રાગટ્ય કર્યા બાદ રિબિન કાપીને કર્મચારીઓ માટેના અદ્યતન ક્વાર્ટર્સનું લોકાર્પણ કરવામાં આવેલ. બંને મહાનુભાવોએ ક્વાર્ટર્સનું ધ્યાનથી નિરીક્ષણ કરીને ફાળવવામાં આવેલ કર્મચારીઓને ચાવીનું વિતરણ કરી અને શુભેચ્છાઓ પાઠવેલ. ■

# કોરોનાના કહેર વચ્ચે બનાસકાંઠામાં આવેલ વાવાઝોડામાં ખોરવાયેલ વીજ પુરવઠો પુનઃ સ્થાપિત

તા. ૪થી મે ૨૦૨૦ના રોજ બનાસકાંઠામાં સાંજના સમયે અચાનક વાવાઝોડું આવતાં પાલનપુર સર્કલનું આપણું વીજ તંત્ર તુરત જ યુદ્ધના ધોરણે કામે લાગી ગયેલ. વાવાઝોડાની તીવ્રતા એટલી હતી કે, કુલ ૪૮૨ જેટલા સામટા ફીડરો બંધ થતા વીજ વિતરણ વ્યવસ્થા ખોરવાઈ ગઈ હતી. અચાનક આવેલ વાવાઝોડાની પરિસ્થિતિમાં પાલનપુર વિભાગીય કચેરીના કાર્યવિસ્તાર હેઠળના જેગોલ, સુખપુર અને મોરીયા સબસ્ટેશનનો વીજ પ્રવહનની કામગીરીથી પ્રભાવિત થયેલ. બનાસકાંઠામાં કુલ ૮૦૦થી પણ વધુ થાંભલા પડી ગયા હતા.

પાલનપુર વર્તુળ કચેરીના વિશેષ મુખ્ય ઇજનેર, શ્રી એલ.એ. ગઢવીના નેતૃત્વ હેઠળની કાર્યપાલક ઇજનેરશ્રીઓની ટીમ કાર્યરત થતા કોરોનાની મહામારીનો ફેલાવો “રેડઝોન”માં મુકાયેલ બનાસકાંઠામાં પોતાના જીવના જોખમે સાવચેતી લઈને પણ વીજ પુરવઠો ખૂબ જ ઝડપથી પ્રસ્થાપિત કરેલ જેને લીધે પાલનપુર શહેરમાં કોરોનાના મહામારી માટે કાર્યરત કુલ ૧૯ (ઓગણીસ) જેટલી હોસ્પિટલ ઉપરાંત મુખ્ય સિવિલ હોસ્પિટલ અને પાલનપુરના ડીસા શહેર સહિતના કુલ ૨૧૮ ગામોમાં ઉપસ્થિત થયેલ વીજ વિક્ષેપની કામગીરીને પુનઃસ્થાપિત કરેલ ત્યારબાદ બાકી રહી ગયેલ ૨૦૧ જેટલા ગામોમાં ક્રમશઃ ત્વરિત પુનઃ સ્થાપનની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ. ત્યારબાદ ખેતરોમાં વસવાટ કરતા હોય તેવા ગ્રાહકોને મુશ્કેલી ન પડે તે માટે કુલ ૧૨ જેટલી ટીમો બનાવીને વીજ વિતરણ વ્યવસ્થા પુનઃ ગોઠવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ.

આમ કોરોના મહામારીના સમય દરમ્યાન ત્વરિત વીજ વિતરણની વ્યવસ્થાને બહાલ કરી ‘ગ્રાહકોને સંતોષ’ આપવાનો પ્રયાસ કરી પાલનપુર વર્તુળ કચેરી દ્વારા પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ.

કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા દ્વારા સંતોષની લાગણી વ્યક્ત કરવામાં આવેલ અને સરકારી તંત્ર દ્વારા કોરોના મહામારી અંગે કરવામાં આવી રહેલ કામગીરી જળવાઈ રહે તે માટે મહત્ત્વનું કામ પૂર્ણ કરવામાં આવેલ. ■

# હિસાબી વિભાગની હિસાબી કામગીરીનો હિસાબ



**શ્રી આર. બી. કોઠારી,**
**(મહાપ્રબંધક-નાણા)**

એપ્રિલ ૨૦૦૫ના રોજથી વ્યાવસાયિકરીતે અસ્તિત્વમાં આવેલ આપણી ઉત્તર ગુજરાત વીજ કંપની પોતાની સર્વાંગી કામગીરી ઉત્કૃષ્ટતા માટે હંમેશા જાણીતી બનેલ છે. કંપનીના વિવિધ વિભાગો જેવા કે, ટેક્નિકલ, એચ.આર. અને હિસાબી વિભાગ દ્વારા એક અગ્રગણ્ય વીજ વિતરણ કંપનીને છાજે તેવી કામગીરી છેલ્લા સોળ વર્ષથી કરી છે, ૨૧ જેટલા રાષ્ટ્રિય અને રાષ્ટ્રિયકક્ષાના એવોર્ડ્ઝ દ્વારા આ કામગીરીની યથાર્થતા સિદ્ધ થયેલ છે. તમામ વિભાગનો ફાળો કંપનીની ઉત્તરોત્તર પ્રગતિ માટે મહત્ત્વના રહ્યો છે. કોઈ પણ કંપનીની આર્થિક આવક અને જાવક બાબતો કંપનીની આર્થિક સધ્ધરતા માટે જરૂરી હોય છે ઉત્તર ગુજરાત વીજ કંપનીના હિસાબ વિભાગ દ્વારા પણ અન્ય વિભાગોની જેમ ખૂબ સુંદર કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે જેને પરિણામ સતત A+ રેટીંગ અને ICWAS તરફથી ૨૦૦૭, ૨૦૦૯, ૨૦૧૬ દરમ્યાન વિવિધ કેટેગરીમાંય આપણી કંપનીની હિસાબી કામગીરી માટે એવોર્ડ્ઝ આપવામાં આવેલ છે.

## UGVCLની વર્ષ ૨૦૧૯-૨૦ની મુખ્ય હાઈલાઈટ્સ

યુજીવીસીએલનાં તમામ કચેરીમાં કામ કરતા દરેક કર્મચારીની ઉત્કૃષ્ટ કામગીરી થકી યુજીવીસીએલએ નીચે મુજબની સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે.

- ICISA, એ C&AGની એક તાલીમ સંસ્થા છે જેમાં વિશ્વના વિવિધ દેશોના ૪૦ જેટલા તાલીમાર્થીઓએ ભાગ લીધો હતો અને તેણે એક તાલીમ કાર્યક્રમનું આયોજન કરેલ હતું, જે તાલીમ કાર્યક્રમમાં યુજીવીસીએલ દ્વારા ગુજરાત રાજ્યમાં વીજક્ષેત્ર ઉપર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું અને સરગાસણ સબ-સ્ટેશનની મુલાકાત ગોઠવેલ હતી.
- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં, યુજીવીસીએલના આંતરિક ઓડીટ સ્ટાફ દ્વારા રૂ.૧૧.૧૫ કરોડ અને સી.એ.ફર્મ દ્વારા રૂ. ૬.૦૬ કરોડ રૂપિયાની વસુલાતનાં ઓડીટ પેરા લેવાયેલ અને જેની સામે પુરેપુરી વસુલાત કરવામાં આવેલ છે.
- આઈસીઆરએ (ICRA) દ્વારા ૨૦૧૮ નાણાકીય વર્ષ માટે ભારતની તમામ રાજ્ય સરકારની માલિકીનાં ડિસ્કોમનાં રેટિંગમાં યુજીવીસીએલને ૯૮.૧ માર્ક્સ સાથે બીજો ક્રમ મેળવેલ છે.
- હાલમાં, ગ્રાહકને આપવામાં આવતું પ્રથમ વીજ બિલ ૯૫ ટકા ગ્રાહકોને નિયત સમય મર્યાદામાં આપવામાં આવે છે.
- વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન, C&AG એ નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ના નાણાકીય હિસાબોનું ઓડિટ કરેલ અને યુજીવીસીએલને 'શુન્ય/NIL' ટિપ્પણીઓ મળી છે.
- અત્યાર સુધી ફિક્સ્ડ એસેટસ્ રજિસ્ટરની જાળવણી મેન્યુઅલી એક્સેલ શીટ (EXCELS SHEET)માં કરવામાં આવતી હતી જે ખૂબ જ સમય માંગી લે અને જટિલ કામગીરી હતી તેથી આને દૂર કરવા અને ઘસારાની ગણતરીમાં ૧૦૦ ટકા ચોકસાઈ મેળવવા માટે, આ કામ નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં i-FAS સિસ્ટમમાં શરૂ કરી દેવામાં આવેલ છે.
- નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦ દરમ્યાન સ્થાવર મિલકત રૂ. ૫૦૬૪.૫૩ કરોડ (આશરે) છે જેની સામે તા. ૩૧-૦૩-૨૦૨૦નાં રોજ લાંબાગાળાની જવાબદારીઓ માત્ર રૂ. ૮૪.૯૩ કરોડ (આશરે) છે.
- યુજીવીસીએલએ નાણાકીય વર્ષ ૨૦૧૪-૧૫, ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮ માટે VAT અને CST આકારણી સફળતાપૂર્વક પૂર્ણ કરી દીધી છે અને હાલમાં VAT અને CST હેઠળ કોઈપણ આકારણી બાકી નથી.
- વર્ષ ૨૦૧૯-૨૦ની શરૂઆતમાં ટીડીએસની માગણી કુલ ૧૨૨ હતી જેની રકમ રૂ. ૧૭૧.૪૨ લાખ હતી તે પૈકી યુજીવીસીએલ એ ૧૧૯ માંગણીઓની પતાવટ કોઈપણ રકમની ચુકવણી કર્યા સિવાય કરેલ છે અને વર્ષના અંતે રૂ. ૭.૯૦ લાખની માંગણી સામે માત્ર ત્રણ ડીમાન્ડ જ પતાવટ માટે બાકી છે.
- યુજીવીસીએલનું ૩૧-૦૩-૨૦૨૦નાં રોજ ડેબીટ એરીઅર્સ ૧૩.૨૪ ટકા છે. મહેસાણા, હિંમતનગર અને પાલનપુર વર્તુળ કચેરીના ૬ સબડિવિઝન ઓફિસે ૧ ટકાથી પણ નીચે ડેબીટ એરીઅર્સ પ્રાપ્ત કરેલ છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ ની કલેક્શન ક્ષમતા ૯૯.૨૧ ટકા છે. યુજીવીસીએલના ૨૩ સબડિવિઝન ઓફિસોએ કલેક્શન ક્ષમતા ૧૦૦ ટકાથી વધારે પ્રાપ્ત કરેલ છે.
- Banaskantha District Central Co-operative Bank Ltd, પાલનપુરને યુજીવીસીએલનાં ઓપરેશનલ એરિયામાં કેશકલેક્શન માટે નિયુક્ત કરવામાં આવેલ સંસ્થા છે જેના કુલ સેન્ટર ૧૪૦ છે.
- LT PDC એરીઅર્સ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ (રૂ. ૪૩.૧૫ કરોડ)ની તુલનામાં નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ (રૂ. ૩૧.૮૦ કરોડ)માં ૨૬.૩૧ ટકા ઘટી છે.
- નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ઓનલાઈન કલેક્શન કુલ કલેક્શનનાં ૫૩.૦૯ ટકા હતું જે વધીને નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦માં ૭૩.૪૮ ટકા થયેલ છે.

આવનાર નવા વર્ષમાં હજી વધારે મહેનત અને ઉત્કૃષ્ટ કામગીરી કરીએ અને આનાથી પણ વધારે સિધ્ધિઓ પ્રાપ્ત કરીએ એવી શુભેચ્છા. ■

# પડકારોમાં પ્રોત્સાહક પ્રેરણાના પ્રણેતાઓ



**શ્રી આર.કે. સિંઘ,** ઊર્જા મંત્રી, ભારત સરકાર

“દેશના તમામ વીજ વિભાગના પદાધિકારીઓ અને કર્મચારીઓ તા. ૫મી એપ્રિલ દેશના નાગરિકોએ વડાપ્રધાનશ્રીના આહવાન પર અભૂતપૂર્વ દ્રશ્ય રજૂ કર્યું. દેશના તમામ લોકો જેમાં કેરળથી લઈને જમ્મુ કાશ્મીર સુધી, કચ્છથી લઈને આસામ -મિઝોરમ સુધી ઘરની લાઈટો બંધ કરીને મીણબત્તી તેમજ દીવા પ્રગટાવ્યા જેનું મને ગર્વ છે. મને એ વાતનું પણ ગૌરવ છે કે, વીજ વિભાગના કાર્યરત કર્મચારીઓ અને ઇજનેરો જે રીતે માનનીય પ્રધાનમંત્રીશ્રીના આહ્વાન પર લાઇટો બંધ કરી દીવા પ્રગટાવ્યા જેના લીધે કુલ ૩૧ હજાર મેગાવોટ વીજ માગ ત્રણચાર મિનિટ માટે ઓછી થઈ જે દુનિયાનો કોઈ પણ દેશ આ વીજ વ્યવસ્થાને સંભાળી શક્યો ન હોત પરંતુ આપ લોકો વધામણીને પાત્ર છો, કારણ કે તમોએ તમારી જવાબદારી ખૂબ સારી રીતે નિભાવી છે. પ્રધાનમંત્રીએ આપણને કહ્યું છે કે, તે મુજબ તેમના વતી વધામણી સંદેશ આપને પહોંચાડું છું. તેમના કહેવા પ્રમાણે આપણે વીજ વ્યવસ્થાપન અંગે જે કામગીરી કરી છે તે સમગ્ર વિશ્વમાં એક ઉદાહરણીય કામગીરી છે, એ દર્શાવે છે કે, ભારતના વીજ વિભાગના ઇજનેરો કોઈપણ પડકારને ઝીલી શકે છે. ફરી વાર ખૂબ ખૂબ ધન્યવાદ મારા તરફથી અને માનનીય વડાપ્રધાનશ્રી તરફથી.”



**શ્રી જગદીશ ત્રિવેદી,** હાસ્ય કલાકાર

“આ ૨૧ દિવસના લોકડાઉનમાં તમારા આ મોબાઇલ બંધ હોત તો? આપણે વોટ્સએપ, ફેસબુક, ઇન્સ્ટાગ્રામથી સગાંવ્હાલાં સાથે કનેક્ટ રહીએ છીએ એ ન કરી શક્યા હોત. આ લોકડાઉન દરમિયાન આપણા કમ્પ્યુટર, ટેલિવિઝન, લાઇટ, પંખા, ટ્યુબલાઇટ બંધ હોય તો? આખા વિશ્વના સમાચારોના અપડેટ આપણને મોબાઇલ, ટેલિવીઝન, કમ્પ્યુટર દ્વારા મળી રહ્યાં છે એ કંઇ જ ન મળતું હોત અને ૨૧ દિવસ તો શું એ રીતે આપણે એક દિવસ પણ ઘરમાં ન રહી શકીએ. આપણે ખુશી ખુશી આ લોકડાઉન પૂરું કરી શકીશું એનું કારણ છે કેવળ અને કેવળ ઇલેક્ટ્રિકસિટી.

હું આપણા વીજ કર્મીઓને લાખ લાખ અભિનંદન આપું છું. ડોક્ટર, નર્સ પેરામેડિકલ સ્ટાફ, પોલીસ, સફાઇ કામદાર એ બધાને આપણે અભિનંદન આપ્યા એ જરૂરી છે, પણ તમને નથી લાગતું આ વીજ કર્મીઓને આપણે ભૂલી ના શકીએ. એટલા માટે હું વીજ અધિકારીઓ, વીજ કર્મચારીઓ અને લાઇન સ્ટાફ તમામને લાખ લાખ અભિનંદન આપું છું.”



**શ્રી સંજય રાવલ,** મોટિવેશનલ સ્પીકર

“લોકડાઉનના આ સમયમાં આપણે ડોક્ટર, પોલીસ અને કેટલા બધા લોકોનો આભાર માન્યો. પાંચ વાગ્યે બધાએ થાળીઓ વગાડી, બધા સરસ કામ કરે, પણ આ બધાની વચ્ચે ઇલેક્ટ્રિસિટી બોર્ડ કે, જેના કારણે ઘરમાં આપણા વીજ ઉપકરણો ચલાવી શકીએ છીએ, ટીવી ચલાવી શકીએ છીએ. આ લોકો જેની કોઈ નોંધ નથી લેતુ, પણ જી.ઇ.બી., યુજીવીસીએલ અથવા જી.ઈ.બી.નું સંલગ્ન સૌરાષ્ટ્રનું હોય કે સુરતનું કોઈપણ ડિપાર્ટમેન્ટ હોય કે, જે લોકો મોટા મોટા ટ્રાન્ફોર્મર સેન્ટરો પર જઈ, લાઇટોને સરખી રાખે અને આપણે ત્યાં વીજળી જરા પણ જાય નહીં એનું ધ્યાન રાખે. આવા જી.ઈ.બી.ના કર્મચારીઓ છે એમને સો સો સલામ કરું છું, આ લોકડાઉનમાં એ લોકોનો સૌથી મહત્ત્વનો ફાળો છે તો પડદા પાછળના જે લોકો છે એમના માટે પણ આપણે તાળી પાડી દઈએ અને એમને કહીએ કે તમે લોકો અમારું ખૂબ ધ્યાન રાખો છો, ઇલેક્ટ્રિસિટી ડિસ્ટર્બ થઈ જાય તો લોકડાઉનમાં ઘરમાં રહી શકીએ નહીં. પંખા ચાલે નહીં, એસી ચાલે નહીં, લાઇટો ચાલે નહીં, પાણીની ચકલીઓ ચાલે નહીં કે બોર ઉપડે નહીં એટલે ઇલેક્ટ્રિસિટી આપણી જીવાદોરી એને જીવતા રાખતા આ કર્મચારીઓને આપણે સો સો સલામ કરીએ અને આ રીયલ હીરો માટે સેલ્યુટ, થેન્કયૂ.”

“ નમસ્કાર મિત્રો, અત્યારે આપણે લોકડાઉનની અંદર પોતપોતાના ઘરે બેઠાં છીએ અને એમ જ બેસવાનું છે. જે નથી બેઠાં એમને પણ ધ્યાન રાખવાનું છે બેસી જવાનું છે. આપણા વડાપ્રધાનશ્રી, મુખ્યમંત્રીશ્રીની બધાની અપીલ છે, પણ સૌથી અગત્યની વાત એ છે કે ઘણા બધા કોરોના વોરિયર્સ આપણા માટે આપણાવતી લડી રહ્યા છે. મેડિકલ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ, સફાઇ કર્મચારીઓ, કેટલા બધા અલગ અલગ પોલીસવાળા મિત્રો બધા ડ્યુટી બજાવી રહ્યા છે. સરકારી અધિકારી મિત્રો પણ એક એક્શન હીરો છે જેના કારણે આ સંદેશ પણ તમારા સુધી પહોંચી રહ્યો છે. જેના કારણે અત્યારે મારા ચહેરા ઉપર લાઇટ આવી રહી છે, જેના કારણે આપણે બધા લોકડાઉનનો સમય એન્જોય કરતાં કરતાં, મસ્તી કરતાં કરતાં, મોજ કરતાં કરતાં એક બીજા સાથે બોન્ડિંગ જમાવતી વાતો કરીને વિશેષણ લેટરમાં ચેટ



**જય વસાવડા, સાહિત્યકાર**

કરતાં કરતાં સમય પસાર કરી રહ્યા છીએ, એ છે આપણા વિદ્યુતના કર્મચારીઓ.

આપણા ઇલેક્ટ્રિસિટી જૂનું જી.ઈ.બી. જે હવે અલગ થઈ ગયું અને PGVCL, UGVCL, DGVCL, MGVCL એવી બધી અલગ અલગ કંપનીઓ છે, પણ વીજ કર્મચારીઓ પ્રાઇવેટ કંપનીઓ પણ એમાં હોઈ શકે. આ બધા વીજ કર્મચારીઓ, ટેલિકોમ કર્મચારીઓ, જે ઇન્ટરનેટ આપણું ચાલે છે ઇલેક્ટ્રિસિટીને કારણે. આપણા ઘરની અંદર રોજ લાઇટ થાય છે, ટીવી ચાલે છે, ફિલ્મો અને વેબસ્ક્રીન જોઈ શકીએ છીએ, ઇલેક્ટ્રિસિટીને કારણે. મેં તો જ્યારે પ્રધાનમંત્રીશ્રીએ અપીલ કરી ત્યારે પણ મારી ટ્વીટની અંદર લખેલું કે આ બહુ અગત્યનું છે, બહું મહત્ત્વનું છે કે, આપણે ઇલેક્ટ્રિસિટીની બાબતે જરા ચેક રાખીએ, જરા મહત્ત્વની રીતે આગળ વધારીએ કે, આપણા એન્જિનીયરો છે તે રાતદિવસ ‘સોલ્જર’ની જેમ કામ કરી રહ્યાં છે અને એમની કદર બહુ ઓછી થતી હોય છે જ્યારે ફરિયાદો તો વધારે થતી હોય છે. ઘણા બધા લોકો અમારા જેવા કરતા હોય છે, પણ આજે હું ખાસ બધાને અપીલ કરું છું કે, આપણા વીજ બોર્ડના નાનામાં નાના માણસથી હેલ્પરથી લઈને ટોચ સુધીના એન્જિનીયરો, ચીફ એન્જિનીયરો તમામ લોકોને હું હૃદયપૂર્વક મારી સલામી આપું છું, બિરદાવું છું, વંદન કરું છું, અભિનંદન આપું છું કે એમણે ખૂબ સરસ રીતે ફરજ બજાવી. ”

ધ્રૂજી છે ધરતી, કંપી છે કાયા, હલ્યા છે ઈમારતો ના પાયા. માંગ્યા વરસ્યા નહીં મેઘ ને વરસ્યા ત્યાં થયા ખાંગા મેઘ તણાયા ખેતરોના મોલ ને શહેરોના મોલ. બાકી હતો ત્યાં થયો કોરોનાનો કહેર, તોયે ના ડગ્યાં ગુજરાતનાં શહેર, જયાં વહે છે નર્મદાના નિરની નીરંતર નહેર પછી કયાં ટકે કોરોનાનો કહેર...

ગુજરાતની માટીનો માનવી રહે છે શહેર, છતાં સહે છે કહેર, રહે છે ઘરે ને આપે છે માત કોરોના ના ઝહેર ને. એ તો છે ગરવા ગુજરાતીઓની મહેર. ખમીરવંતા ગુજરાતીઓની આ તો છે લહેર. તો પછી કયાં રહે કોરોના નો કહેર...


ગરવા ગુજરાતીઓના ગુજરાતના સ્થાપનાદિને કરી પ્રાર્થના સૌ મળી સાથે કરીએ સામનો કોરોનાના કહેરનો. આજે આજના સ્થાપના દિનના ઉગતા પૃહરે. નતમસ્તક નમન કરીએ, પહેરો અને સૌ પહેરાવો માસ્ક, ધોવા સાબુથી વારંવાર હાથ, રાખો અંતર આપ, રાખો ગલીઓ મહોલ્લા સાફ ને સૌ ગુજરાતીઓ મળી આપીએ કોરોનાને કરીએ મ્હાત. જય જય ગરવી ગુજરાત... જય જય ગરવી ગુજરાત...

– **આર. કે. મિસ્ત્રી,** આસિ. લાઇનમેન, પે.વિ.ક., કુડાસણ

# પેપોળ ગામમાં સન્માન

તારીખ ૧૧/૪/૨૦૨૦ના રોજ પેપોળ ગામમાં ફોલ્ટ એટેન્ડન્ટ માટે આવેલા યુજીવીસીએલના કર્મવીર, શ્રી જે. ડી. પરમાર, શ્રી બી. આર. પઢીયાર તથા શ્રી સી. વી. નાયકનું પેપોળ ગામના સરપંચ શ્રી ભરતસિંહ સોલંકી તથા ભારતીય જનતા પાર્ટીના અગ્રણી, શ્રી દિપકભાઇ પંડયા તથા શ્રી રાજુભાઈ જોશી, શ્રી દિલીપભાઈ શ્રીમાળી, શ્રી જગદીશભાઈ શ્રીમાળી, કિરણભાઈ રાવત, શ્રી મેહુલભાઈ પરમાર, શ્રી અંકિતભાઈ ચૌધરી, શ્રી પાર્થભાઈ ચૌધરી, શ્રી રમેશભાઈ જોશી, શ્રી જીગરભાઈ ચૌધરી, શ્રી મન્સૂરી ઇદ્રિસમોહમ્મદ સહિત અગ્રણીઓએ લોકડાઉનનું ચુસ્તપણે અમલ કરતા યોગ્ય ડિસ્ટન્સ જાળવી ગામમાં સેવાકર્મે આવેલ જી.ઇ.બી.ના કોરોનાવીરોનું તાળીઓ પાડી તથા ગુલાબના પુષ્પો અર્પણ કરી સન્માન કરાયું હતું. ■



# CSR હેઠળ ફૂડ કિટનું યુજીવીસીએલ દ્વારા વિતરણ

વિશ્વ મહામારીનું સ્વરૂપ ધારણ કરીને વિશ્વના ૧૨૨થી વધુ દેશોમાં ફેલાયેલ કોરોના વાયરસ (COVID-19) ને WHO દ્વારા 'વૈશ્વિક મહામારી' જાહેર કરેલ છે જેનાથી સમગ્ર માનવજીવન અસ્તવ્યસ્ત થયેલ છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તા. ૨૩મી માર્ચથી લોકડાઉન જાહેર કરેલ છે. આ પરિસ્થિતિમાં રોજનું કમાઈને નિર્વાહ કરતા આર્થિક રીતે નબળા વર્ગના લોકોને મદદરૂપ થવાના ભાગરૂપે સીએસઆર હેઠળ ફૂડ કિટની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ છે, જેમાં જીવનનિર્વાહ માટે આવશ્યક ઘઉંનો લોટ, ચોખા, તુવેર દાળ, ખાદ્ય તેલ, ખાંડ વગેરેનું વિતરણ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના કાર્યક્ષેત્ર વિસ્તારો હિંમતનગર, સાબરમતી, મહેસાણા અને પાલનપુર સર્કલમાં કરવામાં આવેલ.

આ ઉપરાંત ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. હસ્તકની કંપનીઓ દ્વારા મુખ્યમંત્રી રાહત ફંડ ખાતે ઉત્તર ગુજરાત વીજ કંપની લી. તરફથી રૂ. ૧૨,૦૦,૦૦૦/- અંકે રૂપિયા બાર લાખ પૂરાં અર્પણ કરવામાં આવેલ. યુજીવીસીએલ દ્વારા કુલ રૂ. ૩,૨૦,૦૦૦/-ના ફૂડ કિટનું વિતરણ કરવામાં આવેલ. કાળઝાળ ગરમીમાં આપણા સૌની સેવા કરનાર પોલીસદળના જવાનોને મીનરલ વોટર અને બિસ્કિટ પૂરાં પાડવામાં આવેલ. અમદાવાદથી પોતાના વતન જવા નીકળેલ મજુરોને હિંમતનગર સર્કલ દ્વારા ટ્રકમાં બેસાડીને રતનપુર ગુજરાતની હદ પાર કરાવી આપવામાં આવેલ.

તા. ૯ એપ્રિલ ૨૦૨૦ના રોજ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ તથા મુખ્ય ઇજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યાએ સાબરમતી વર્તુળ કચેરી હસ્તકના ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરીની દહેગામ પેટા વિભાગીય કચેરીની મુલાકાત કર્મચારીઓને કોરોના મહામારીમાં કામગીરી માટે પ્રોત્સાહન આપવા તથા સીએસઆરના ભાગરૂપે જરૂરિયાતવાળાને ફૂડ કિટ વિતરણ માટે કરવામાં આવેલ.








હિંમતનગર સર્કલ દ્વારા કિટ વિતરણ


સાબરમતી સર્કલ દ્વારા કિટ વિતરણ


તલોદ ખાતે કિટ વિતરણ


મહેસાણા સર્કલ દ્વારા કિટ વિતરણ


પાલનપુર સર્કલ દ્વારા કિટ વિતરણ

કહતે હૈં કી આસમાન મે હૈ તારે હજારો....
કયા ફર્ક પડેગા જો ગીર પડે દો ચાર ઉસમેં સે.....

વો તો વહી જાને જીસકે કુલ કે હોતે હૈ
વો એક હી સિતારે (કુલ દિપક)....

અગર વો ભી ગીર ગયા તો હોતા હૈ
ઉનકે સંસાર કે આસમાન મે અંધેરા સદા હી....

કોસતે હૈ વો ખુદ કો કયા બીગાડા થા
મૈને ઔર મેરે બેટે ને તુમ્હારા ....

પર માં યા ઉનકે પરિવાર વાલે કહાં
જાતને થે કી ....

વો તો ગયા થા દૂસરો કે ઘરકા ઉજાલા કરને
ખુદ અપને ઘર કો અંધેરે મેં છોડ કે.......!

**આર. કે. મિસ્ત્રી,** આસિ. લાઇનમેન, પે.વિ.ક., કુડાસણ

## ''હર્ષ – હાઈકુ તાન્કા''

એક ને એક બે થતા નથી હવે;
બદલાયું છે ગણિત સ્વાર્થ કાજે ઇચ્છા મુજબ.

## કર્મ–ધર્મના માર્ગ પર 'હર્ષ'

તું જૂઠ અને પ્રપંચના માર્ગ ને છોડી શકવાનો નથી
હું સચ્ચાઈ સિવાયની, બીજી ચાહત રાખવાનો નથી

તું બીજાઓને બરબાદ કરવાની તક ચૂકવાનો નથી
બરબાદ થાઉં તો પણ, હું બીજાને વગાડવાનો નથી

તારું ભસ્મ બનાવવાનું કામ તું મૂકી શકવાનો નથી
દાહકમને ભલે કોઈ કરે, હું અન્યને બાળવાનો નથી

તું બોલીને ફરી જવાની નમ્રતા બદલી શકવાનો નથી
કહ્યા પછી મક્કમતાથી, હું બોલ બદલવાનો નથી

તું બીજાની લીટી નાની કરવાનો ખેલ છોડવાનો નથી
કર્મ-ધર્મના માર્ગ પર, 'હર્ષ' કોઈને દુઃખ પહોંચાડવાનો નથી

**એચ. બી. પટેલ**
કાર્યપાલક ઇજનેર, ગાંધીનગર ગ્રામ્ય વિભાગીય કચેરી

મારા મનના એ ઉછળતા વિચાર,
જાણે કોઈ ઝરણાની પડતી ધાર,

શું તારું થઈ ગયું, શું મારું રહી ગયું,
યાદો સિવાય કોણ બીજું શું લઈ ગયું?
કપરા વખતે પણ રાખજો પરસ્પર આધાર
મારા મનના એ ઉછળતા વિચાર...

ભલે હોઈએ અમીર કે ગરીબ,
રહીશું સદા એકબીજાની કરીબ,
બાંધી રાખીશું આ 'પ્રણવ' પાળ,
મારા મનના એ ઉછળતા વિચાર...

**– પ્રણય વાવડીયા**
સિનિ. આસિ., આરએન્ડસી ઓફિસ, મહેસાણા

ક્યારેક વિચારું છું કેવી છે આ દુનિયા,
ખૂબસરતીના અંચળા હેઠળ છુપાઈ છે ઘૃણા,

માનવીઓ પણ કેટલા બન્યા છે સ્માર્ટ,
મુખ પર સ્મિતને દિલમાં રાખે છે કપટ,

કોણ કોનું છે અહીં પોતીકું નથી સમજાતું,
ક્ષણની મુલાકાતે સંબંધ બંધાય એય ઘણું છું.

દીધો છે જન્મ મનુષ્યરૂપે પરમાત્માએ શૈલ,
વિવેકને વાણી થકી જન્મારો સફળ કરીએ ચલ.

કેવા હતા એ દિવસો ને કેવી હતી એ મોજ,
ખભે દફતર ભરાવી ચલતા જવાનું રોજ,
ભાર વગરનું ભણતર ને ના કોઈ ટોક,
આજ તો કેડેથી વળી જાય તોય ઠોઠનો ઠોઠ,
માસ્તર તો હતા ગામના કલેક્ટર,
ટ્યૂશન કરાવી બન્યા એ ટીચર,
પોતે ભણી ભૂલી ગયા બચપણને શાળાની ગાથા,
હવે તો છે ફક્ત રૂપિયાની લાલચને
ભણાવવામાં કાચા,
કહે છે લોક આવી એકવીસમી સદી,
"શૈલ" કહે ક્યારે અટકશે આ બધી બદી?

**શૈલેષ એમ. યાદવ**
ડેપ્યુટી એન્જિનીયર, યુજીવીસીએલ, સબડિવિઝન, પ્રાંતિજ

# ૯મી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન

## મહેસાણા સર્કલ ટીમ ચેમ્પિયન તથા હિંમતનગર સર્કલ ટીમ રનર્સ-અપ થયેલ





દિપપ્રાગટ્ય

તા. ૧૨-૧૦-૨૦૧૯ના રોજ હિંમતનગર ખાતેના સાબર સ્ટેડિયમમાં નવમી ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટનું આયોજન હિંમતનગર સર્કલ ઓફિસના યજમાન પદે યોજવામાં આવેલ. જેના ઉદ્‌ઘાટન સમારંભમાં હિંમતનગર સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી પી.સી. શાહ, તેમજ કોર્પોરેટ ઓફિસથી નાયબ મહાપ્રબંધક (આઇઆર) શ્રી વી.એચ. અસારી ઉપસ્થિત રહેલ. દિપપ્રાગટ્ય કરી મહાનુભાવો દ્વારા ટુર્નામેન્ટને ખુલ્લી મુકવામાં આવેલ.

પ્રાસંગિક પ્રવચનમાં હિંમતનગર સર્કલના અધિક્ષક ઇજનેર શ્રી પી.સી. શાહે ઈન્ટર સર્કલ ટુર્નામેન્ટની ફાળવણી કરવા બદલ કોર્પોરેટ ઓફિસનો આભાર માની ટુર્નામેન્ટમાં ભાગ લેતા ખેલાડીઓને શુભેચ્છાઓ પાઠવેલ. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં શ્રી વી.એચ. અસારીએ કંપનીમાં ચાલી રહેલ રમત-ગમત અંગેની માહિતી ખેલાડીઓને આપેલ અને ટુર્નામેન્ટ માટે શુભેચ્છાઓ પાઠવેલ.

ટુર્નામેન્ટના અંતમાં હિંમતનગર સર્કલના

ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં ચેમ્પિયન થયેલ મહેસાણાની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| શ્રી વાય.એસ.પટેલ | ઇલે.આસિ. | સતલાસણા પેટાવિભાગીય કચેરી |
| શ્રી પી.એન. ચૌધરી | જુનિ.આસિ. | કુકરવાડા પેટાવિભાગીય કચેરી |
| શ્રી એમ.આર. ચૌધરી | જુનિ. આસિ. | મહેસાણા ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| શ્રી એ.એન.ચાવડા | જુનિ.આસિ. | ધિણોજ પેટાવિભાગીય કચેરી |
| શ્રી વી.ડી. ચૌધરી | જુનિ.આસિ. | ગોઝારીયા પેટાવિભાગીય કચેરી |
| શ્રી જે.વી. ચૌધરી | જુનિ.આસિ. | લાડોલ પેટાવિભાગીય કચેરી |
| શ્રી એમ.વી. ચૌધરી | સિનિ.આસિ. | વિસનગર-૨ પેટાવિભાગીય કચેરી |
| શ્રી આર.પી. પટેલ | જુનિ.આસિ. | પેટાવિભાગીય કચેરી સતલાસણા |
| શ્રી બી.એ.ચૌધરી | જુનિ.આસિ. | વિસનગર શહેર પેટાવિભાગીય કચેરી |
| શ્રી ડી.કે.પટેલ | ઈલે.આસિ. | વિસનગર શહેર પેટાવિભાગીય કચેરી |

ઈન્ટર સર્કલ કબડ્ડી ટુર્નામેન્ટમાં રનર્સ-અપ થયેલ હિંમતનગર સર્કલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| કર્મચારીનું નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
| શ્રી એચ.આર. નિનામા | ઈલે.આસિ. | હિંમતનગર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી |
| શ્રી એસ.બી. પટેલ | ઈલે.આસિ. | સલાલ પેટાવિભાગીય કચેરી |
| શ્રી એમ.એલ. ફણેજા | જુનિ. આસિ. | શામળાજી પેટા વિભાગીય કચેરી |
| શ્રી આર.એ.પ્રજાપતિ | જુનિ.આસિ. | ઇડર શહેર પેટા વિભાગીય કચેરી |
| શ્રી એચ.ડી.પટેલ | ઇલે.આસિ. | પ્રાંતિજ પેટા વિભાગીય કચેરી |
| શ્રી આર.જે. પ્રજાપતિ | જુનિ. આસિ. | ઇડર શહેર પેટા વિભાગીય કચેરી |
| શ્રી એમ.કે. સુતરીયા | ઈલે.આસિ. | હિંમતનગર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| શ્રી એસ.આર. રાઠોડ | ઇલે. આસિ. | હિંમતનગર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| શ્રી પી.પી. પટેલ | ઇલે.આસિ. | તલોદ-૧ પેટાવિભાગીય કચેરી |
| શ્રી ડી.એચ. ઝાલા | ઈલે.આસિ. | પ્રાંતિજ પેટાવિભાગીય કચેરી |
| શ્રી એચ.એ. પટેલ | ઇલે.આસિ. | હિંમતનગર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |
| શ્રી આર.એસ. સથવારા | લાઇનમેન | હિંમતનગર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી |

ઈન્ટર કંપની માટે પસંદગી થયેલ યુજીવીસીએલની ટીમ

| નામ | હોદ્દો | કામનું સ્થળ |
|---|---|---|
| કર્મચારીનું નામ | હોદ્દો | કામગીરીનું સ્થળ |
| એમ.આર. લોહ | જુનિ.આસિ. | કાણોદર, પે.વિ.ક. |
| પી.એન. ચૌધરી | જુનિ.આસિ. | કુકરવાડા, પે.વિ.ક. |
| એસ.બી. પટેલ | ઈલે.આસિ. | સલાલ, પે.વિ.ક. |
| આર.જે. પ્રજાપતિ | જુનિ.આસિ. | ઇડર (ટી), પે.વિ.ક. |
| એમ.કે. સુતરીયા | ઈલે.આસિ. | હિંમતનગર, પે.વિ.ક. |
| વાય.એસ.પટેલ | ઈલે.આસિ. | સતલાસણા, પે.વિ.ક. |
| જે.વી. ચૌધરી | જુનિ.આસિ. | લાડોલ, પે.વિ.ક. |
| વી.ડી. ચૌધરી | જુનિ.આસિ. | ગોઝારીયા, પે.વિ.ક. |
| આર.પી. પટેલ | જુનિ.આસિ. | સતલાસણા, પે.વિ.ક. |
| એસ.આર. રાઠોડ | ઈલે.આસિ. | હિંમતનગર, પે.વિ.ક. |
| સ્ટેન્ડબાય ખેલાડી | | |
| બી.એ. ચૌધરી | જુનિ.આસિ. | વિસનગર (ટી), પે.વિ.ક. |
| એ.એસ. પ્રજાપતિ | ઈલે.આસિ. | કલોલ-૦૧, પે.વિ.ક. |
| એસ.એ. ઠાકોર | પટાવાળા | સાબરમતી સર્કલ ઓફિસ |
| એચ. ડી.પટેલ | ઈલે.આસિ. | પ્રાંતિજ, પે.વિ.ક. |


ચેમ્પિયન ટીમ, મહેસાણા, કોર્પોરેટ


રનર્સ-અપ ટીમ, હિંમતનગર


યુજીવીસીએલ, ઈન્ટર કંપની, ટુર્નામેન્ટ


ટીમ હિંમતનગર

અધિક્ષક ઇજનેર શ્રી પી.સી. શાહ, તેમજ કોર્પોરેટ ઓફિસથી નાયબ મહાપ્રબંધક (આઇઆર) શ્રી વી.એચ. અસારી દ્વારા વિજેતાઓને ટ્રોફિ-ટીશર્ટ અને મોમેન્ટો અર્પણ કરેલ. તેમજ ઇન્ટર કંપનીમાં પસંદગી પામેલ ખેલાડીઓને સફળ થવા માટે શુભેચ્છાઓ પાઠવેલ.

ટુર્નામેન્ટનું સફળ આયોજન શ્રી નીરવભાઈ દેસાઈ તથા શ્રી ડી.આઈ. કુંપાવત તેમજ તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ. ટુર્નામેન્ટના ચીફ રેફ્રી તરીકે શ્રી દિલીપભાઈ ડામોરે ફરજ બજાવેલ. ■

# પ્રતિભાવ

ખૂબ જ માહિતી સભર અંક છે વાંચવાની મજા આવે તથા વિવિધ વિષયોની જાનકારી મળે છે. **– આર આર, જોષી,** હિંમતનગર

ટચૂકડા સામયિકમાં ખૂબ જ સુંદર રીતે પ્રત્યેક બાબતોને આવરી લઈને વિશદ છણાવટપૂર્વક દર્શાવવા બદલ અભિનંદન.

**– શૈલેશ યાદવ,** નાયબ ઇજનેર, પ્રાંતિજ.

આ હા... વાહ... કોરોનાની આવી ગંભીર સ્થિતિમાં પણ અંક એના સમયે જ પ્રકાશિત થયો... શૈલેષભાઈ અને તેમની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. અંક પણ કાયમ મુજબ જોરદાર.

**– એસ. એમ. પ્રજાપતિ,**
જુનિયર ઇજનેર, સ્કાડા, ગાંધીનગર.

Well done. This is one big activity done on part of CC Cell .

**- A.S. Damor,**
COA, RO, Mehsana

To the point ,very nice with latest corona message and on line payment and energy bill details for our valued consumer. Valued the magazine.

**- D.B. Patel,**
DE, R O, UGVCL, Mehsana

I am always left astounded at the level of dedication and hard work you put in every situation. I haven't seen such quality work in a long time. Great job.

**- Nirav Dave,**
Supdt (A), CO, Sabarmati.

Excellent work by UGVCL staff Give priority to safety i e appreciated zero accident sdn is good steps. Also appreciated GEKC for inspiration towards trg. I like your "our UGVCL".

**- Amita Parikh,**
DE, RO, MGVCL, Baroda

As usual, excellent information with beautiful Layout.

**-Nitiben,**
Ex. Employee PR Cell, GUVNL

# ૭૧મા પ્રજાસત્તાક દિનની ઉજવણીના કાર્યક્રમ નિમિત્તે



## સન્માનિત કર્મચારીઓ, અધિકારીઓ અને તેમના પરિવારજનો...

**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
pro@ugvcl.com